# <u>અમદાવાદના મહે.૩૩માં એડી.ચીફ જ્યુડી.મેજી.સાહેબની ને.ઈ.એકટની કોર્ટ નં.૨૮ અમદાવાદ</u>

**ક્રિ.ઈન્ક.નં.: ૬૪૧૭/૨૦૨૫**

## <u>આંક ૧ તળેનો હુકમ</u>

આ કામે ફરિયાદ, સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાનાં લીસ્ટને ધ્યાને લીધું. હાલનું કામ જરૂરી પૂર્તતા માટે ઈન્કવાયરી  રજીસ્ટરે નોંધી  સાંભળવા માટે રાખવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે ને.ઈ.એકટની કલમ–૧૩૮(બી) હેઠળ પૂર્તતા કરેલ હોય, હાલના કેસમાં નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોઈ, જેથી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ  એકટની કલમ ૧૩૮ હેઠળનાં ગુના સબબ આરોપી સામે **તા.૦૧/૦૮/૨૫** મુદતનાં રોજ હાજર રહેવા સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી હાજર થયેથી ટ્રાયલ દરમિયાન નિયમિત હાજરી માટે રૂપિયા પાંચ હજારના સદ્ધર તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવાના રહેશે.

ફરિયાદ સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરિયાદપક્ષ જેના ઉપર આધાર રાખતાં હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલનો સેટ અત્રેની કોર્ટ ફાઈલમાં આરોપીની નકલ તરીકે મુકવા હુકમ કરવામાં આવે છે.

ફરિયાદ ક્રિમિનલ કેસ રજિસ્ટરે રજિસ્ટર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરેલ છે.

તારીખ:૨૩/૦૫/૨૫

(એમ.એ.પીપરાની )
૩૩ માં એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર,ને.ઈ.એ.કોર્ટ નં.૨૮.
GJ01222